ભિલોડાના નિવૃત એલઆઈસી કર્મચારીની જિંદગીભરની કમાઈ લૂંટાઈ

અવની સોસાયટીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી ૧૦ લાખની લૂંટ

ભિલોડા, તા. ૯

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંથરેહાલ હોય તેવું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે. જીલ્લામાં તસ્કર ટોળકી અને ઘરફોડિયા ગેંગે પડાવ નાખ્યો હોય તેમ સતત

લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. જીલ્લામાં ચોરીની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ભિલોડા પંથકમાં બંધ મકાન સલામત રહેતું ન હોવાની બૂમો ઉઠી છે.

ભિલોડા શહેરમાં આવેલી માંકરોડા રોડ પર આવેલી અવની સોસાયટીમાં રહેતા અને એલઆઈસીમાંથી નિવૃત્ત ડેવલોપમેન્ટ ઓફિસરના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી જાળી તોડી ઘરમાં રહેલા સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી ૧૦ લાખ રૂપિયા જેટલા મુદ્દામાલની લૂંટ ચલાવી રફુચક્કર થતા નિવૃત કર્મચારીના માટે આભ તૂટી પડ્યું હતું. નિવૃત જીવન શાંતિમય પસાર થાય તે માટે બચાવી રાખેલ પુંજી લૂંટાઈ જતા ભારે ચકચાર મચી હતી. ભિલોડા પોલીસે રાબેતા મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

શનિવારે ભિલોડાની અવની સોસાયટીમાં રહેતા ધીરૂભાઈ સોમાભાઈ ખરાડી અને તેમની પત્ની મકાન બંધ કરી અમદાવાદ ખાતે તેમની વહુ બીમાર હોવાથી ખબર-અંતર પૂછવા ગયા હતા. તસ્કરોએ આ તકનો લાભ ઉઠાવી ઘરની લોખંડની જાળી તોડી ઘરના દરવાજાના તાળા-નકુચા તોડી ઘરમાં તિજોરી, કબાટ અને ટેબલના ડ્રોવરના લોક તોડી નાખી તેમાં રાખેલા ૨ લાખથી વધુની રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના મળી અંદાજે રૂ.૧૦ લાખના મુદ્દામાલની લૂંટ કરી ફરાર થઈ જતા અમદાવાદથી ઘરે પરત ફરેલા ધીરૂભાઈએ જાળીનાં લોક અને ઘરનો દરવાજો તૂટેલો જોતા ઘરમાં પ્રવેશતા ઘરમાં રહેલી તિજોરી અને કબાટ તૂટેલું હોવાની સાથે રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીનાની લૂંટ થયાનું જણાતાં હાંફળા-ફાંફળા બની ગયા હતા બંધ મકાનમાં લૂંટ થયાની જાણ થતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા.

ધીરૂભાઈ સોમાભાઈ ખરાડીએ ભિલોડા પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી અજાણ્યા ચોર ઈસમો સામે ગુન્હો નોંધી ચોરીની ઘટનાનો ભેદ ઉકેલવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

અયોધ્યા ચુકાદાના પગલે... ડીસામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ફ્લેગ માર્ચ

વેપારી મથક ડીસામાં અયોધ્યા કેશમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પૂર્વે ૨૦૦ પોલિસ કર્મીઓ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી ફ્લેગ માર્ચ યોજી હતી. દરમ્યાન ડીસા સહિત આસપાસના ગ્રામજનોએ સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકાર્યો હતો. રામ જન્મ ભૂમિ તથા બાબરી મસ્જીદ જમીન વિવાદ અંગે શનિવારે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ફેસલો આપ્યો છે. આ મામલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.વેપારી મથક ડીસામાં વહેલી સવારથી જ જન માનસ રાબેતા મુજબ યથાવત રહ્યું હતું .બીજી તરફ ડીસા શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે શહેરના ત્રણ બત્તી, ગવાડી, રાજપુર, સદર બજાર સહિત તમામ સ્થળો પર ચાંપતો બંદોબસ્ત ગોઠવી તંત્ર દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.ડીસા શહેરમાં એક ડીવાયએસપી, ચાર પીઆઈ,પાંચ પી.એસ.આઈ , સાઈઠ એન.સી.પી સી. , નવ મહિલા પોલીસ કર્મીઓ, સો હોમગાર્ડ, ત્રીસ એસ.આર.પી જવાનો ખડેપગે રહયા હતા.બીજી તરફ ડીસા તાલુકાના ૮૨ ગામોમાં પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો.સંવેદનશીલ ગણાતા સેરગંજ, જુનાડીસા, ઝેરડા, વેળાવાપુરા સહિત તમામ ગામોમાં એક પીએસઆઈ, પાંત્રીસ એચસીપીસી,પાંચ મહિલા પોલીસ સહિત પોલીસ જવાનો ખડકાયા હતા. ડીસા સહિત તમામ આસપાસના ગામના લોકોએ ઐતિહાસિક ચુકાદાને આવકાર્યો હતો.અનિચ્છનીય ઘટના ન બનતા પોલીસ સાથે આમપ્રજાએ પણ હાશકારો અનુભવ્યો હતો.

પાલનપુરના બેચરપુરામાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા : ૧.૯૫ લાખની ચોરી

પાલનપુર શહેરના બેચરપુરા વિસ્તારમાં તસ્કરો એક બંધ મકાનને નિશાન બનાવી ત્રાટકયા હતા.જેમાંથી રોકડ રકમ તેમજ સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૧.૯૫ લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે પોલીસે ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરમાં શિયાળાની શરૂઆત ની સાથે જ તસ્કર ટોળકી સક્રિય થવા પામી છે. જ્યાં બેચરપુરા વિસ્તારમાં એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતુ. તસ્કરોએ મહેશભાઈ શંકરભાઈ કર્ણાવત (પટેલ)ના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જેમાંથી રોકડ રકમ રૂપિયા ૨૫,૦૦૦ તેમજ રૂપિયા ૧,૭૦,૦૦૦ના સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે ગૂનો નોંધી તેમને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુરમાં રસ્તા પર દબાણ કરનારા પાંચ શખ્સોને નોટિસ

મુખ્યમંત્રી ઓન લાઇન ફરિયાદ થતાં પાલિકાએ કાર્યવાહી હાથ ધરી

પાલનપુર ખાતે સોનપતિ હનુમાન વિસ્તારમાં પાંચ જેટલ શખ્સોએ સોસાયટીના માર્ગ ઉપર દબાણ કર્યુ છે. આ અંગે મુખ્યમંત્રી ઓન લાઈન ફરિયાદ નિવારણમાં રજૂઆત થતાં નગરપાલિકા હરકતમાં આવી છે. અને દબાણકર્તા પાંચ શખ્સોને નોટિસ આપવામાં આવી છે.

પાલનપુર શહેરમાં કેટલાક વિસ્તારોમાં દબાણો થતાં સોસાયટીના માર્ગો સાંકડા બની ગયા છે. પરિણામે અન્ય લોકોને પોતાના વાહનો સોસાયટીમાં લાવવા મુસ્કેલ બને છે. જ્યાં સોનપતિ હનુમાન મંદિર વિસ્તારમાં આવેલી સોસાયટીમાં નગરપાલિકા દ્વારા પાંચ શખ્સોને નોટિસ આપવામાં આવી છે. આ અંગે આર. કે. સેંગલે જણાવ્યું હતુ કે, સોસાયટીના માર્ગ ઉપર પાંચ શખ્સોએ દબાણ કર્યુ છે.

આ અંગે નિલેશભાઈ પરમાર અને પી. એમ. ચૌહાણે મુખ્યમંત્રી ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂઆત કરી હતી. જેના પગલે આ દબાણ દૂર કરવા માટે નગરપાલિકાએ દબાણકર્તાઓને નોટિસ ફટકારી છે. જો નિયત સમયમાં દબાણ દૂર કરવામાં નહી આવે તો પાલિકા દ્વારા દબાણ તોડી પાડવામાં આવશે.

પાલનપુરમાં જેસીબીની ટક્કરે વીજ થાંભલો ધરાશાઈ

પાલનપુર શહેરના બ્રિજેશ્વર કોલોનીમાં જેસીબીની ટક્કરે એક વીજ થાંભલો ધરાશાયી થયો હતો. જ્યાં જીવંત વીજવાયરો તૂટી પડતાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. જોકે, સદ્દ નસીબે મોટી જાનહાની ટળી હતી. પાલનપુર શહેરની બ્રિજેશ્વર કોલોની નજીક એક જેસીબીના ચાલકે ગફલતભર્યુ ડ્રાયવીંગ કરી સિમેન્ટના વીજ થાંભલાને ટક્કર મારી હતી.

ડીસામાં રખડતા ઢોરની સમસ્યા યથાવત

બનાસકાંઠાની આર્થિક પાટનગરી એવા ડીસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા સાથે સાથે રખડતા પશુઓની વિકટ સમસ્યા પણ માથાના દુખાવા સમાન બની છે. જેમાં મુખ્ય બજાર સહિતના તમામ માર્ગો ઉપર દિવસ દરમીયાન અનેક રખડતા ઢોર સવારથી જ અડિંગો જમાવી દે છે. અવારનવાર આ ઢોર અનેક વાહન ચાલકો અને રાહદારીઓને અડફેટે લઈ અકસ્માત સર્જી દેતા હોય છે. પરિણામે અનેક લોકો ઘાયલ થવાની સાથે મોતને પણ ભેટ્યા હોવાના બનાવ બની ચુક્યા છે. તેમ છતાં આ સમસ્યાથી શહેરીજનોને છુટકારો મળતો નથી. લોકોની અવારનવાર ઉગ્ર રજુઆતના પગલે પાલિકા દ્વારા રખડતા ઢોર પકડવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. તેમ છતાં આ ઢોરોની સંખ્યામાં ઘટાડો થતો નથી તેથી આ કામગીરી માત્ર કાગળ ઉપર થતી હોય તેવું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે. પાલિકા દ્વારા આપવામાં આવેલ કોન્ટ્રાક્ટર દ્વારા માત્રને માત્ર રખડતા આખલા જ પકડવામાં આવે છે અને ગાયોને પકડવા જતા તેના માલિકો આવી અવરોધ ઉભો કરતા હોવાની વાત પણ કોન્ટ્રાકટર દ્વારા જણાવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડીસામાં રખડતા ઢોરની સમસ્યા વર્ષો જૂની છે. પાલિકા દ્વારા દર વર્ષે રખડતા ઢોર પકડવા માટેના ટેન્ડર બહાર પાડી કામગીરી હાથ ધરવામાં આવે છે અને પાલિકા દ્વારા લાખો રૂપિયા ચુકવવામાં પણ આવે છે તેમ છતાં આ કામગીરી માત્રને માત્ર કાગળ ઉપર ચાલતી હોવાની વાતો શહેરમાં વહેતી થઈ છે અને પાલિકાના લાખો રૂપિયા પાણીમાં જતા હોય તેવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે.

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા-પાલનપુર દ્વારા

નૂતનવર્ષ સ્નેહમિલન સાથે તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

શૈક્ષણિક સંકુલ ખાતે બનાવેલ નવિન ભવનનું ઉદ્ઘાટન કરાયું

પાલનપુર, તા. ૯

ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજ બનાસકાંઠા-પાલનપુર

દ્વારા આકેસણ નજીક આવેલા મંગલમ્ શૈક્ષણિક સંકુલ ખાતે નૂતનવર્ષ સ્નેહમિલન તેમજ તેજસ્વી તારલાઓ સન્માન સમારોહ યોજાયો હતો. સાથે સાથે સંકૂલ ખાતે બનાવેલ રૂ. ૧૬ લાખના નવીન ભવનનુ ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શિક્ષણ પ્રેમી અને ભારત સરકારના પૂર્વ મંત્રી હરીભાઈ ચૌધરી, વેર હાઉસિંગ કોર્પોરેશન ગુજરાત સરકારના ચેરમેન મગનલાલ માળી, જિલ્લા પંચાયતના પુર્વ સદસ્ય બાલકૃષ્ણ જીરાલા, સહીત ગુરુ બ્રાહ્મણ સમાજના પ્રદેશ ઉપપ્રમુખ જયરામભાઈ પંડ્યા, ગુરુ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા-પાલનપુરના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસિયા, મહામંત્રી મોહનભાઈ શ્રીમાળી સાથે સમાજના વડીલ અને અગ્રણી તેમજ (નિવૃત સમાજ કલ્યાણ અધિકારી) નટવરલાલ શ્રીમાળી (ધાણધા) મફતલાલ ચોરાસિયા (એદરાણા) નાનચંદભાઈ શ્રીમાળી, (ખોડલા) પરસોતમભાઈ કટારીયા, બાબુભાઈ શ્રીમાળી (આસેડા) ગણપતલાલ સેગલ, વી.ડી. શર્મા, નાનકદાસ સાધુ (ખેમાણા) મુળજીભાઈ શ્રીમાળી(ગોળા) સહીત મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ સરકારી નોકરીમાંથી નિવૃત થનાર કર્મચારીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. શૈક્ષણીક સંકુલમાં ભારત સરકારના પૂર્વ મંત્રી હરિભાઈ ચૌધરીનું ૫ લાખ અનુદાન અને રાજયના સાંસદ શંભુપ્રસાદ ટુડીયા દ્વારા ૧૧ લાખ રૂપિયાની ગ્રાન્ટ મળી રૂપિયા ૧૬ લાખ રૂપિયાનુ નવિન ભવન બનાવીને હરીભાઈ ચૌધરીના વરદ હસ્તે શુભ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતુ.

એડીસી બેંકની ૨૦૦મી બ્રાંચ ગોતામાં શરૂ : વધુ એક સિદ્ધિ

અમદાવાદ, તા.૯

ગુજરાત રાજયની જિલ્લા સહકારી બેંકમાં સૌથી વધુ ૨૦૦ શાખાઓનું નેટવર્ક ધરાવતી અગ્રીમ હરોળની ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો.ઓ.બેંક લિ.ની એસ.જી હાઈવે પર ૨૦૦મી ન્યુ ગોતા શાખાનું આજરોજ કેન્દ્રીય કેમીકલ અને

ફર્ટિલાઈઝર મંત્રી મનસુખ માંડવીયાના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન, નાબાર્ડના ચીફ જનરલ મેનેજર ડી.કે.મિશ્રા, અમદાવાદ કલેકટર ડો.વિકાંત પાંડે, શહેરના મેયર શ્રીમતી બીજલબહેન પટેલ સહિતના મહાનુભાવો, બેંકના ડિરેકટરો, સહકારી આગેવાનો સહિતના મહાનુભાવો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સને ૨૦૦૦ની સાલમાં એડીસી બેંક બહુ નુકસાનીમાં હતી પરંતુ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એ વખતના કપરા સમયે બેંકનુ સુકાન સંભાળ્યા બાદ બેંકને આર્થિક કટોકટી અને નુકસાનીની સ્થિતિમાં બહાર લાવી નફો કરતી બનાવી હતી. આજે અમિત શાહના જન્મદિવસ નિમિતે એડીસી બેંકની આ ૨૦૦મી શાખાનું ઉદ્ઘાટન કરાયું ત્યારે આ પ્રસંગે અમિત શાહના બેંકના ઉત્કર્ષ અને વિકાસ માટે અપાયેલા બહુમૂલ્ય યોગદાનને બિરદાવાયું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે, એડીસી બેંક ટ્રસ્ટીશીપના સિધ્ધાંત મુજબ કામ કરી રહી છે અને તેના કારણે થાપણદારોનો મોટો ભરોસો તેની પર છે. એડીસી બેંકનું મોડલ માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશમાં અપનાવાય અને રાષ્ટ્રનિર્માણમાં સૌ કોઈ સહભાગી બને તે ઈચ્છનીય છે. આજના ઉદ્ઘાટન પ્રસંગમાં એડીસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના જન્મદિન અને કલમ-૩૭૦ની નાબૂદીના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઐતિહાસિક પગલાની ઉજવણીના ભાગરૂપે બેંક દ્વારા ખાસ રકતદાન શિબિરનું આયોજન કરી ૩૭૦ બોટલ લોહી એકત્ર કરવામાં આવ્યું હતુ અને તેનું પ્રમાણપત્ર ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને એનાયત કરાયું હતું. તેમણે ઉમેર્યું કે, અમિત શાહની દીર્ઘદ્રષ્ટિ અને કુનેહપૂર્વકના વહીવટી આયોજનના કારણે બેંક નફો કરતી થઈ અને સભાસદોને ડિવીડન્ડ અપાવાની શરૂઆત થઈ. આજે બેંકની કુલ ડિપોઝીટ રૂ.છ હજાર કરોડ ઉપરાંત, લો કોસ્ટ ડિપોઝીટ રૂ.૨૭૦૦ કરોડથી વધુની છે. બેંકનું ધિરાણ રૂ.૩૬૦૦ કરોડથી વધુનુ છે.જે પૈકી એગ્રીકલ્ચર ધિરાણ રૂ.૨૪૦૦ કરોડ છે. આમ, બેંકનો કુલ બિઝનેસ રૂ.દસ હજાર કરોડને પાર થવા જઈ રહ્યો છે. દરમ્યાન આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીને જણાવ્યું કે, એડીસી બેંક એશિયાની સૌથી મોટી બેંક છે.

તેનું શેરભંડોળ રૂ.૫૪.૭૦ કરોડ તથા બેંકનું રિઝર્વ ફંડ રૂ.૪૯૧ કરોડનું છે. બેંક સતત છેલ્લા છ વર્ષથી ઝીરો નેટ એનપીએ સાથે બેંકનો વહીવટ નફા સાથે ચાલી રહ્યો છે. આ પ્રસંગે ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, એડીસી બેંક આપણી પોતાની બેંક છે અને બેંકના વિકાસમાં અમિતભાઈ શાહનું બહુ મોટુ યોગદાન રહ્યું છે. જેમણે ખેડૂતો, નાના અને મધ્યમવર્ગના લોકો માટે બેંક મારફતે અનેક આયામો જોડયા.

અરવલ્લીમાં રામ મંદિરના તરફેણમાં ચુકાદો આવતા ફટાકડા ફોડી ભવ્ય ઉજવણી કરી

અયોધ્યામાં રાજકીય રૂપે સંવેદનશીલ રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટના ૫ જજોની બંધારણીય પીઠે સર્વસમ્મતિથી એટલે કે ૫-૦થી ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો હતો. અદાલતે પોતાના નિર્ણયમાં વિવાદીત સ્થળને રામલલાનું ગણાવ્યું છે. સાથે જ સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, સુન્ની વક્ફ બોર્ડને મસ્જીદ બનાવવા માટે વૈકલ્પિક જમીન આપવામાં આવે. નિર્ણય આપતી વખતે કોર્ટમાં ડે ટુ ડે સુનાવણી દરમિયાન મુસ્લીમ પક્ષના વકીલ રાજીવ ધવન અને અન્ય વકીલો દ્વારા રજુ કરવામાં આવેલી દલિલો પર પણ સ્પષ્ટ મતેથી નિર્ણય સંભળાવવામાં આવ્યો. તો ભારતીય સર્વેક્ષણના રિપોર્ટને આધાર ગણી એમ પણ કહ્યું હતું કે, અયોધ્યામાં મસ્જિદ કોઈ ખાલી જગ્યા પર બની નહોતી. પરંતુ કેટલીક દલીલો એવી હતી કે જેણે રામ મંદિર બનવાનો માર્ગ મોકળો કર્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા રામમંદિરના તરફેણમાં ચુકાદો આપતાં અરવલ્લી જીલ્લામાં રામલલ્લાના ભક્તોએ ફટાકડા અને મિઠાઈ વહેંચી ઠેર ઠેર ઉજવણી કરી હતી. મોડાસા તાલુકાના આનંદપુરા કંપામાં ઐતિહાસિક રીતે ફટાકડા ફોડી ઉજવણી કરી હતી. માલપુર ખાતે હિન્દુ યુવા વાહીની દ્વારા ઠેરઠેર ફટાકડા ફોડી મીઠાઈ ખવડાવી ઉજવણી કરવામાં આવી હતી. જે પ્રસંગે હિન્દુ યુવા વાહીની અરવલ્લી અધ્યક્ષ હર્ષ પંડ્યા, રાજન પ્રણામી, વિશાલ ગોર, રાજુ બાપુ, પરીક્ષિત ગોર, મનીષભાઈ કોઠારી, અગ્રણી મુકેશસિંહ રાઠોડ, જશપાલસિંહ, વીર પંચાલ તેમજ ભાર્ગવ પટેલ ઉજવણીમાં જોડાયા હતા.